# બેચરાજીના એંદલા ગામે જુથ અથડામણમાં બે ના મોત





મહેસાણા, તા. ૧૧

મહેસાણા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ બેચરાજી નજીકના સેંદલા ગામે રબારીઓ અને દરબારો વચ્ચે છેલ્લા એક સપ્તાહથી ચાલતી તકરારે આજે ઉગ્ર રૂપ ધારણ કરતાં યાત્રાધામ બેચરાજીમાં બે જૂથો વચ્ચે હિંસક અથડામણ સર્જાતા બે વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. જ્યારે એક ડઝનથી વધુ વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ થઈ હતી. અથડામણ દરમ્યાન હિંસક ટોળાઓએ એક મોટરકાર તથા પંદર જેટલા દ્વિચક્રી વાહનોને તેમજ કેટલીક હોટલ અને દુકાનોને આગ લગાડી હતી. આજે સવારના સમયે અચાનક રબારીઓ અને દરબારોના બે જૂથો આમને સામને આવી ગયા હતા. હથિયારો ધારણ કરેલ ટોળાઓએ પરસ્પર એક બીજા જુથો પર હિંસક હૂમલાઓ કર્યા હતા. જેમાં બે વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. જ્યારે ચૌદ જેટલા વ્યક્તિઓ ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે મહેસાણાની હોસ્પિટલમાં ખસેડાયા હતા.

આ અથડામણને પગલે સમગ્ર યાત્રાધામમાં અશાંતિનો આતંક છવાઈ ગયો હતો. જેથી બજારો બંધ થઈ ગયા હતા. આ સમયે અન્ય લોકો, યાત્રિકો તેમજ દુકાનદારોમાં ભારે નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે જિલ્લામાંથી વધુ પોલીસ કૂમક બોલાવી સ્થિતિને કાબુમાં લીધી હતી. હાલ પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવા છતાં ભારેલા આગ્નિ જેવી સ્થિતિ છે.

# અરવલ્લીમાં કઠોળના ભાવોમાં ઉછાળો

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લામાં તમામ દાળોના ભાવ આસમાને પહોંચતા જિલ્લાની ગૃહિણીઓના બજેટ ખોરવાયા. જિલ્લાના હોટલ, રેસ્ટોરન્ટ અને પેઈનગેસ્ટના સંચાલકો તુવેરદાળના અસહ્ય ભાવ વધારાથી દાળની માત્રા ઓછી કરી શાકભાજીની વાનગીઓ પર ભાર મુક્યાનું સ્પષ્ટ જણાઈ આવે છે. જિલ્લાના દાલબાટીની હોટલ અને ઢાબા ચલાવતા માલિકો અડદની દાળના ભાવ ૧૫૦ને અડી જતાં ફરજીયાત દાલફ્રાયના ભાવમાં પ્રતિ ડિશે ૨૦ રૂપિયાનો વધારો ઝીંકતા ગ્રાહકોની ઘટ જોવા મળી રહી છે.

સમગ્ર દેશ અને રાજ્યમાં મોંઘવારીએ માઝા મુકી છે. તમામ દાળના ભાવ શિખરો સર કરી રહ્યા છે. દાળના અસહ્ય ભાવ વધારાથી જિલ્લાની ગૃહિણીઓ વિકેટ પરિસ્થિતિમાં મુકાઈ છે. તુવેરની દાળના પ્રતિ કિલો રૂ. ૧૨૫ની આસપાસ બજારોમાં વેચાઈ રહી છે. ત્યારે અડદની દાળે તો તુવરની દાળને પણ ઓવરટેઈક કરી પ્રતિકિલો રૂ. ૧૫૦ને અડી જતાં દાલબાટીના સેન્ટરો અને ઢાબા ચલાવતા સંચાલકોએ નછુટકે ભાવ વધારો કરતાં ગ્રાહકોએ દાલબાટીથી દૂર રહેતા સેન્ટરો અને ઢાબાઓ સૂમસામ બની ગયા છે. ગુજરાતી પ્રજાજનોને જમવાની થાળીમાં દાળ ન હોય તો કેવી હાલત થાય તે વિચાર માત્રથી લોકો ચિંતિત બન્યા છે. મગની ફોતરાવાળી દાળના ભાવ પણ રૂ. ૧૦૦ ચાલી રહ્યા છે. ગત સપ્તાહ દરમ્યાન જથ્થાબંધ બજારમાં વિવિધ દાળોમાં પ્રતિકિલો રૂ. ૧૫ થી ૨૫ ઉછાળો જોવા મળ્યો છે. દેશમાં અને રાજ્યમાં દાળના ઉત્પાદનમાં ઉપજ ઓછી આવતા આ સ્થિતિ સર્જાઈ હોવાનું વેપારીઓ જણાઈ રહ્યા છે.

ડીઝીટલ ઈન્ડીયા, ઈગર્વનન્સ સહિત ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવાની વાતો કરતી કેન્દ્ર સરકારે દેશ અને વિદેશની એજન્સીઓએ માર્ચ-એપ્રિલમાં જ અલનીનોની અસર ભારતમાં જોવા મળશે અને અનિયમિત અને ઘટવાળુ ચોમાસુ જોવા મળશે તેવી સ્પષ્ટ આગાહી કરી હતી. ઉત્પાદન ઘટવાની સંભાવના હોવા છતાં ઘટની પૂર્તિ કરવા સરકારે કોઈ આગોતરૂ આયોજન કર્યુ ન હોવાથી અને સંગ્રહખોરો ચેતી ટેકનોલોજીનો ફાયદો ઉઠાવી આગોતરૂ આયોજન કરી અત્યારે લોકોને સફળતાપૂર્વક લુંટી રહ્યાનું જિલ્લાના અગ્રણી સમાજસેવી નવનીતભાઈ પરીખે જણાવ્યું હતું.

**અરવલ્લીમાં હોટલ, રેસ્ટોરન્ટ અને પેઈનગેસ્ટના સંચાલકો શાકભાજી પર ભાર મુક્યો**






સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના દલપુર ખાતે આવેલ પ્રાથમિક શાળામાં ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં. ભારતીય માનક બ્યુરો અમદાવાદના સહયોગથી અને ગ્રાહક હિત સુરક્ષા મંડળના ઉપક્રમે પ્રાંતિજના દલપુરમાં આવેલ પ્રાથમિક શાળામાં ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હોલમાર્ક અને આઈએસઆઈ માર્કો શું છે તથા તે માર્કાવાળી જ વસ્તુઓ શા માટે ખરીદવી તે વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

# મામલતદારની જોહુકમી વિરૂદ્ધ આજે વિજયનગર તાલુકા બંધનું એલાન

હિંમતનગર, તા.૧૧

વિજયનગર મામલતદાર દ્વારા સરમુખત્યાર શાહ જેમ વર્તન કરી તાલુકાના સરપંચો, વેપારીઓ, શૈક્ષણિક સંસ્થાઓ સંચાલકો, જીપ ચાલકોને ધમકાવવા લાકડી લઇ મારવા જેવા બનેલા બનાવોની વિરૂધ્ધ સોમવારે વિજયનગર તાલુકો બંધ રાખવા એલાન અપાયુ છે.

આ અંગે જિલ્લા કોંગ્રેસ મહામંત્રી અરવિંદકુમાર પટેલ, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ દિતાજી ખાતુજી કટારા, પૂર્વ સામાજિક ન્યાય સમિતિ અધ્યક્ષ જીવાજી સંગાથ, સરપંચ, મીરાબેન, મણીભાઇ ડામોરના જણાવ્યા અનુસાર વિજયનગર મામલતદાર વી.આઇ.પ્રજાપતિ દ્વારા તાલુકાની પ્રજા સાથે જોહુકમી ભર્યો વ્યવહાર થઇ રહ્યો છે. દાખલા કાઢવા, જમીનોની માપણી, સસ્તા અનાજના દુકાનદારો સાથે ગેરવર્તુણક, બાઇક, જીપ, ટ્રક, ડમ્પરવાળાઓને કનડગત, ટ્રાફીક મુદ્દે પોલીસને જાણ ન કરી દંડો લઇ વાહન ચાલકોને મારવા, અપશબ્દો બોલવા, મારવાની ઘટના સાથે તાલુકાના લોકોમાં ભયનું વાતાવરણ ઉભુ થયુ છે. જેના વિરોધમાં તાલુકાના સામાજિક, ધાર્મિક, રાજકીય, વેપારી આગેવાનો, સહકારી અગ્રણીઓ, શિક્ષણ સંસ્થાના સંચાલકોએ એકઠા થઇ આજે સોમવારે વિજયનગર તાલુકો બંધ રાખવાની જાહેરાત કરાઇ છે. જેમાં અન્ય આવશ્યક સેવાઓને બાદ કરતા બસ, જીપ વાહન વ્યવહાર, વેપારી, વાણિજય સંકુલો, શિક્ષણ સંસ્થાઓ બંધ રાખવા અપીલ કરાઇ છે. શનિવારે વિજયનગર આરામગૃહ ખાતે યોજાયેલી બેઠકમાં વિજયનગર બંધને વ્યાપક બનાવવા આયોજન કરવામાં આવ્યુ હતું. જયાં પૂર્વ તાલુકા સદસ્ય શમ્મીકાંત ગામેતી, મનુભાઇ કટારા, જગદીશભાઇ અસોડા, નવલજી ચૌહાણ સહિત અગ્રણીઓ મોટી સંખ્યામાં એકત્ર થઇ બંધને સફળ બનાવવા આયોજન કર્યુ હતું.

# મસોતા ગામે માતાએ પુત્રીને ઠપકો આપતા ગળે ફાંસો ખાધો

વિજયનગર તાલુકાના મસોતા ગામે શુક્રવારે મોડી રાત સુધી ટેલીફોન ઉપર વાત કરતી દિકરીને માતાએ ફોન બંધ કરી ઉંઘી જવાનું કહેતા દિકરીને લાગી આવતા ઘરની માલડી સાથે દોરડુ બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. આ બનાવ અંગે માતાએ ચિઠોડા પોલીસમથકમાં જાણ કરતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે ચિઠોડા પોલીસ મથકના પી.એસ.ઓ. કરશનભાઈના જણાવ્યા અનુસાર મસોતા ગામના ચંદુભાઈ દિતાજી નિનામાની દિકરી નિશા શુક્રવારે રાત્રે મોડી રાત સુધી મોબાઈલ ઉપર વાતો કરતી હતી. જેથી તેણીની માતા દક્ષાબેને ફોન બંધ કરી ઉંઘી જવાનું કહી ઉંઘી ગયા હતા. જેમાં શનિવારે વહેલી પરોઢિયે નિશાની માતા દક્ષાબેન નિશાના ઓરડાનો દરવાજો ખોલતા તેણીની ઘરની માલડી સાથે દોરડુ બાંધી મૃત હાલતમાં લટકેલી જોતા જ દક્ષાબેને રોકકળ કરી મુકતા આસપાસથી લોકો ધસી આવ્યા હતા. આ મામલે દક્ષાબેન ચંદુભાઈ નિનામાએ પોતાની પુત્રી નિશાના અકસ્માતે મૃત્યુ અંગે ચિઠોડા પોલીસમથકમાં જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.







અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે ફિક્સ પગારની નિતી સામે શિક્ષકો-વાલીઓએ કેન્ડલ માર્ચ યોજી હતી. સમગ્ર ગુજરાત રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી પગારના વિરોધમાં શિક્ષકો દ્વારા સમાન કામ અને સમાન વેતન મળી રહે તે માટે ગુજરાતની ભાજપ સરકાર સામે બાંયો ચઢાવી છે ત્યારે આજરોજ અરવલ્લી જિલ્લાની મોડાસા ખાતે ફિક્સ પગારદાર કર્મચારીઓના વાલીઓ દ્વારા ગુજરાતના ઈતિહાસમાં પહોલી વખત સાંઈ મંદિરથી શરૂ કરીને કલેક્ટર કચેરી સુધી કેન્ડલ માર્ચ યોજી હતી અને પોતાના બાળકોને સમાન કામ સામે સમાન વેતન મળે તેવી સરકાર સમક્ષ માંગણી કરવામાં આવી હતી અને અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## અતીતની આજ (૪ પાનાનું ચાલુ...)

મંચ પર આવેલા સમાજવાદી પાર્ટીના સુપ્રીમો મુલાયમ સિંહ યાદવના ભાઈ શિવપાલ યાદવે લખનો પાછા ફરીને વેવાઈ લાલુપ્રસાદ સાથેના ચૂંટણી જોડાણનો વિચ્છેદ કરાવ્યો. તેમણે શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ સહિતનાઓ સાથેનો મોરચો રચી બિહારની તમામ બેઠકો લડવાનું ઠરાવ્યું છે. મહારાષ્ટ્ર અને કેન્દ્રમાં શિવસેના ભાજપની સરકારમાં પ્રધાનપદાં ધરાવે છે, છતાં બિહારમાં એણેય ઉમેદવાર ઉતારીને ભાજપની બાજી બગાડવી છે. એ જ રીતે એમઆઈએમના સાંસદ અસદુદ્?દીન ઓવૈસી પોતાના પક્ષના ઉમેદવારોને ઉતારીને બિહારમાં મુસલમાનોના હમદર્દ ગણાવવાની કોશિશમાં છે. લાલુ-નીતીશ-સોનિયાના મોરચાને મળનારા મુસ્લિમ વૉટમાં ઓવૈસી ભાગ પડાવીને ભાજપના વડપણવાળા મોરચાને લાભ પહોંચાડવા આતુર છે. સદ્ગત રાષ્ટ્રપતિ એ.પી.જે.અબ્દુલ કલામના ભત્રીજા એપીજે શેખ સલીમના ભાજપમાં જોડાવાની ઘોષણા બિહાર ચૂંટણી ટાણે જ થવાના સંકેત સ્પષ્ટ છે.

બિહારમાં જાતિવાદી-જ્ઞાતિવાદી સમીકરણોને ધ્યાને રાખીને ઉમેદવારો નક્કી થતા હોવાથી તમામ રાજકીય પક્ષોએ રાજપૂત, ભૂમિહાર, બ્રાહ્મણ, કાયસ્થ, કુર્મી, કુશવાહા, યાદવ, ઈબીસ-વૈશ્ય, ઈબીસી, પાસવાન, મહાદલિત-આદિવાસી અને મુસ્લિમોને તેમની વૉટ બૅંક પ્રમાણે ટિકિટો ફાળવી છે. પ્રગટપણે તમામ પક્ષના નેતાઓ આ ચૂંટણીમાં જ્ઞાતિવાદી સમીકરણોને કોરણે મૂકીને જાગૃત મતદાર મતદાન કરશે એવું કહે તો છે, પરંતુ દરેક તબક્કે જ્ઞાતિવાદી સમીકરણોનો વિચાર કરીને જ ઉમેદવાર નક્કી કરાય છે. વળી આ વખતે તો ભાજપના મોરચા સામે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડૉ.મોહનજી ભાગવતના અનામત વિશે સ્ફોટક નિવેદનનો લાભ લેવાની ભરપૂર કોશિશ યાદવ નેતાઓ કરવાના જ. ભાજપ માટે બિહાર પછી પશ્ચિમ બંગાળ અને ઉત્તરપ્રદેશનો વારો છે. જે પાણીએ મગ ચડે એનો ઉપયોગ કરીને પણ લક્ષ્યપૂર્તિમાં કામયાબ થવામાં માનનાર મોદી-શાહની જોડી બિહાર જીતે તો બાકીના કોઠા પાર કરવાનું સરળ માની રહી છે. મોદીએ દિલ્હીમાં સત્તાનાં સુકાન સંભાળ્યા પછી હતાશ કોંગ્રેસ અને વેરવિખેર બાકીના વિપક્ષોને વડાપ્રધાન રીતસર નર્તન કરાવવાની સ્થિતિમાં છે એટલું જ નહીં, વિકાસનાં લાખો કરોડ રૂપિયાનાં પેકેજની જાહેરાત કરવાની પણ ક્ષમતા ધરાવે છે. સોમનાથથી અયોધ્યાની આડવાણીની રથયાત્રાને બિહારમાં, એ વેળાના ટોચના ભાજપી નેતાની ધરપકડ કરીને, રોકવાનો યશ લાલુપ્રસાદ છો લેતા, એમની સેનાના ઘણાબધા આજે મોદી છાવણીમાં છે. લાલુના ખાસંખાસ રહેલા રામકૃપાલ યાદવ કેન્દ્ર સરકારમાં પ્રધાન રહીને લાલુના પરિવારવાદને પડકારે છે ત્યારે પાસવાનના પરિવારવાદ ભણી આંખ મિંચામણા કરે એ સ્વાભાવિક છે. લાલુએ અડવાણીની ધરપકડ કરવા જે અધિકારીને પાઠવ્યા હતા એ આર.કે.સિંહ આજે ભાજપના સાંસદ છે. ૮ નવેમ્બર ૨૦૧૫નાં પરિણામ કોની દિવાળી સુધારશે એ સમગ્ર દેશની આવતીકાલના લેખ લખશે. વિધાત્રીએ બિહારની ચૂંટણીના લેખ તો લખી રાખ્યા હશે, પણ એ ખુલશે દિવાળીના ત્રણ દિવસ પહેલાં.

# બનાસકાંઠાના પાંચ પોલીસ સ્ટેશનો આઈ.એસ.ઓ. સર્ટીફિકેટથી પ્રમાણિત

પાલનપુર, તા. ૧૧

વર્ષ - ૨૦૧૧ની બેચના આઈ.પી.એસ. અધિકારી ચૈતન્ય રવિન્દ્ર મંડલીકની તા. ૧-૧-૨૦૧૪ના રોજ બનાસકાંઠા જિલ્લાના દિયોદર ડિવીઝન ખાતે મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે નિમણૂક કરવામાં આવી હતી. નિમણૂકની તારીખથી તેઓએ દિયોદર જિવીઝનની પોલીસની કામગીરીને અસરકારક બનાવવા માટે પોલીસની કામગીરીમાં સુધારો લાવવાની સાથે સાથે સામાન્ય પ્રજાને મદદરૂપ થવાની દિશામાં અને ગુનાગીરીનું પ્રમાણ ઘટાડવાના સઘન પ્રયત્નો કર્યા હતા. આ ઉપરાંત તેમણે જુલાઈ-૨૦૧૪થી દિયોદર ડિવીઝનને આઈ.એસ.ઓ. સર્ટિફિકેટથી પ્રમાણીત કરવાનું બીડું ઝડપ્યું હતું. દિયોદર ડિવીઝનમાં પોલીસ વિભાગની ૨ કચેરી અને ૫ પોલીસ સ્ટેશનો આવે છે. મદદનીશ પોલીસ અધિક્ષશ્રીની કચેરી, દિયોદર, સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રીની કચેરી - શિહોરી, દિયોદર પોલીસ સ્ટેશન, ભાભર પોલીસ સ્ટેશન, થરા પોલીસ સ્ટેશન, શિહોરી પોલીસ સ્ટેશન, ભીલડી પોલીસ સ્ટેશન આમ માંડલીક અને તેમની કચેરી દ્વારા તેમના કાર્યક્ષેત્રની કચેરી - પોલીસ સ્ટેશનમાં એકસૂત્રતા જળવાય તે માટે સમાન કામગીરી તથા ત્વરીત અને અસરકારક કામગીરી કરવા માટે કટીબદ્ધ થઈ તમામ સ્ટાફને યોગ્ય તાલીમ આપી કાર્યવાહી શરૂ કરી હતી.

રાજ્યના સરહદી બનાસકાંઠા જિલ્લાના અંતરીયાળ વિસ્તારના દિયોદર જેવા નાના મથકે ફરજ બજાવી ઈન્ટરનેશનલ લેવલે નામના મળે તેવી યશસ્વી કામગીરી કરીને દિયોદર પોલીસ ડિવીઝને (ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેન ફોર સ્ટાન્ડાઈઝેશન) આઈ. એસ. ઓ. ૯૦૦૧ : ૨૦૦૮નું પ્રમાણપત્ર મેળવીને એક ઈતિહાસ સર્જ્યો છે અને પોલીસ ખાતામાં ડીવીઝન કક્ષાએ ભારત દેશમાં પ્રથમ આઈ.એસ.ઓ. પ્રમાણપત્ર મેળવી દિયોદર શહેર, બનાસકાંઠા જિલ્લો અને ગુજરાતનું ભારત દેશમાં નામ ૈરશન કર્યુ છે. તેની સાથો સાથ વિશ્વના ૨૫૦ દેશોમાં ઓનલાઈન પ્રસિદ્ધિ મેળવી પણ નામ રોશન કર્યુ છે તે બદલ શ્રી માંડલીકની કામગીરીને લોકોએ બિરદાવી હતી.

## વાત કાનૂન કાયદાની (૪ પાનાનું ચાલુ...)

આવા તબદીલ વ્યવહાર મૂળ સ્થિતિમાં પરત લાવવા માટે કૃષિપંચ મામલતદારને સત્તા છે. તબદીલીના બે વર્ષમાં આવો વ્યવહાર બન્ને પક્ષકારો દ્વારા રદબાતલ ગણી જમીન મૂળ સ્થિતિમાં લાવવા અરજ કરી કરે તો આવી જમીન મૂળ માલીક આદીવાસીને મામલતદારે પરત સોંપવાની થાય.

ગુજરાત જમીન મહેસુલ સંહિતાની કલમ ૭૩ કગ ની જોગવાઈનસ આવા વ્યવહારો અવગણે છે જેના પેટા કલમ (૧)માં જોગવાઈ હોય અને કલમ ૭૩ ક અથવા ૭૩-કક અથવા ૭૩-કબ ની હેઠળ આવા પ્રશ્નોની પતાવટ નામદાર કલેકટરે જમીન સુધારણા એ કરવાના હોય છે. આવા નિર્ણય કરવાની હુકમત સીવીલ કોર્ટને નથી. તેમજ આવી જમીનમાં મનાઈ હુકમ આપવા માટે કોઈ દાવા અરજ ચલાવાની સીવીલ કોર્ટને હુકમત રહેતી નથી.

નામદાર ગુજરાત હાઈકોર્ટે એવા તારણ ઉપર સદર કેસમાં આવેલ છે કે આદીવાસી કબજેદારોએ ધારણ કરેલ જમીનોની તબદીલ ઉપર કાયદાકીય નિયંત્રણ લાદવામાં આવે છે અનુસૂચિત જનજાતીની વ્યકિત વીલ, વસીયત કરી તેવી જમીન તબદીલ કરી શકે નહી. ગુજરાત જમીન મહેસુલ સંહિતાની કલમ ૭૩-કક માં સમાવિષ્ટ પ્રતિબંધોના અનુપેક્ષમાં એક અનુસૂચિત જનજાતીની વ્યકિત તેની સ્થાવર મીલકત વસીયત દ્વારા તબદીલ કરી શકે નહી. આદીવાસી દ્વારા ધારણ કરેલ જમીનોની તબદીલી પર કાયદાકીય નિયંત્રણ લાદવામાં આવેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી કે અનુસૂચિતજન જાતીની કબજા હક્કની જમીન અન્ય વ્યકિત લોભ, લાલચ કે દાબદબાણથી યેનકેન પ્રકારે તબદીલ કરે નહી તે જોવાનો છે.

# હિંમતનગરમાં આજે ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન

હિંમતનગર, તા.૧૧

ભારતમાં રહેતા લોકો આજે પશ્ચિમી સંસ્કૃતિ તરફ ઢળ્યા છે ત્યારે વિદેશીઓને ભારતીય સંસ્કૃતિનું ઘેલુ લાગ્યુ છે. જેના લીધે પૈસા ખર્ચીને વિદેશીઓ ભારતમાં ધ્યાન, યોગ અને શાંતિ માટે આવી રહ્યા છે ત્યારે ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવા માટે અનેક સાધુ, સંતો અને મહંતો પોતાના સંસારિક જીવનને ત્યજીને પરમાત્મા પાસે જવાના માર્ગે પ્રસ્થાન કરી રહ્યા છે. પરંતુ અત્યારે પાપાચાર વધી ગયો છે. જેથી તેને દૂર કરવા માટે પુણ્યાચાર ખૂબ જ જરૂરી છે એમ ચાર્તુમાસ નિમિત્તે હિંમતનગરમાં બિરાજેલા રાષ્ટ્રીય સંત આચાર્ય ૧૦૮ શાંતિસાગરજી મહારાજે જણાવ્યુ હતું.

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ હેરીટેઝ રીસોર્ટમાં સકલ જૈન સંઘ હિંમતનગર અને ચંદ્રપ્રભુ દિગમ્બર જૈન મંદિર દ્વારા શાંતિસાગરજી મહારાજની નિશ્રામાં વિશ્વ શાંતિ નમોકાર મહામંત્ર જાપ્યાનુષ્ઠાનનું તા.૧૨ થી ૨૩ ઓકટોમ્બર દરમિયાન આયોજન કરાયુ છે. જે અંતર્ગત હિંમતનગરના ધાણધાથી મંગળવારે નવરાત્રિના પ્રથમ દિવસે ભવ્ય શોભાયાત્રા નીકળશે. જેમાં ૬૦ બગી અને ૧૦ બેન્ડવાજાની ટુકડીઓ જોડાશે.

આ શોભાયાત્રા ન્યાયામંદિર, ગાંધીરોડ, મહાવીરનગર, ટાવર રોડ અને છાપરીયા સર્કલ થઈને હેરીટેઝ પાર્ટી પ્લોટ ખાતે આવશે. શાંતિસાગરજીના કહેવા મુજબ દરેકે સાત્વિક ખોરાક લેવો જોઈએ અને રાષ્ટ્ર ભાષા હિન્દીનું સન્માન કરવું જોઈએ. ગુજરાતની જાહોજલાલી અંગે ઝાંખી કરાવતા તેમણે ગુજરાતીઓને શાંત, સરળ અને માયાળુ ગણાવ્યા હતા.

જૈન ધર્મ અંગે તેમના કહેવા મુજબ તે તિર્થકંરવાદમાં માને છે, જયારે હિંદુ ધર્મ અવતારવાદમાં માને છે. જેના દ્રષ્ટાંતરૂપે તેમણે ભગવાન રામનો અવતાર વર્ણવ્યો હતો. હિંદુ ધર્મમાં વિશ્વ કલ્યાણ માટે પરમાત્મા કોઈક વ્યકિતને નિમિત્ત બનાવે છે., જયારે જૈન સમાજમાં નીચેથી ઉપર જવાય છે, જે પરોપકાર માટે કાર્યો કરીને કદી પાછા આવતા નથી. બાળકોને સારા સંસ્કાર આપવા જરૂરી છે તેટલુ જ જરૂરી ધાર્મિક શિક્ષણનું પણ છે. આજના જમાનામાં અનેક લોકો દેવ મંદિરના દર્શન કરવા જાય છે. પરંતુ પરમાત્માને પામવા માટે દુઃખીયારાને મદદ કરવામાં આવે તો તેના જેવું પ્રભુ કાર્ય એક પણ નથી.

**વિશ્વશાંતિ માટે ત્રણ કરોડથી વધુ જાપ કરાશે**

## ઢોલની થીમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંદાજે ૧૦,૦૦૦ થી વધુ પ્રેક્ષકો આરામદાયક રીતે બેસીને ગરબા માણી શકે તે માટે અઢી લાખ ચોરસફૂટનું વિશાળ મેદાન સુશોભિત રીતે તૈયાર કરવામાં આવી રહ્યું છે. ગુજરાતના એક-એકથી ચઢિયાતા ગરબા ગાયકવૃંદો માટે ૨૬ ફૂટ ઊંચુ અને ૬૦ ફૂટ પહોળુ મુખ્ય સ્ટેજ તૈયાર કરવામાં આવી રહ્યું છે. નવરાત્રીના લોક મહોત્સવને નાગરિકો પરિવાર સાથે મનભરીને માણી શકે તે માટે ૩૦ જેટલા ફૂડસ્ટોલ્સ પણ આકાર લઈ રહ્યા છે. ગાંધીનગરના અને ગાંધીનગરની બહાર સ્થાયી થયેલા તમામ નાગરિકોને ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવમાં ઉમંગ અને ઉત્સાહપૂર્વક પધારવા તથા મા આદ્યશક્તિની આરાધનાનું આ પર્વ ભક્તિભાવપૂર્વક ઉજવવા સૌને ભાવભીનું નિમંત્રણ છે.